# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ

જામ ખંભાળિયા - જિલ્લો : દેવભૂમિ દ્વારકા

જી.વી.જે. સરકારી હાઈસ્કૂલ કંપાઉન્ડ, સ્ટેશન રોડ, જામ ખંભાળિયા

ટેલીફોન નં.: ૦૨૮૩૩ - ૨૩૩૦૦૪ E-mail : gaccjamkhambhaliya@gmail.com


## સ્ટાર્ટ અપ દિવસની ઉજવણી અંગેનો અહેવાલ:

ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામ ખંભાલિયાએ 16 જાન્યુઆરી, 202૫ ના રોજ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કોલેજના આચાર્ય ડૉ. પ્રમોદસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે નવીનતાને પ્રોત્સાહન આપવામાં શિક્ષણની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

આ તકે એસ.એસ.આઇ.પી. કોર્ડિનેટર પ્રાધ્યાપક ગોજીયા કમલેશ દ્વારા વિધાર્થીઓને સ્ટાર્ટ અપની વ્યાખ્યા, આજના યુગમાં તેનુ મહત્વ વિશે માહીતી આપવામાં આવી હતી.શ્રી કોટાવાલા કોલેજ પાટણનાં મદદનીશ પ્રાધ્યાપક રમેશ કાલિયા આ તકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓમાં નવીનતા, ઉદ્યોગસાહસિક ભાવના અને સ્ટાર્ટઅપની તકો વિશે વિધાથીઓને માહિતગાર કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે ભારત સરકારની સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલ સાથે સંરેખિત, આ કાર્યક્રમનો ઉદ્દેશ યુવા દિમાગને ઉદ્યોગસાહસિકતાને એક વ્યવહારુ કારકિર્દી માર્ગ તરીકે શોધવા અને રાષ્ટ્રના આર્થિક વિકાસમાં ફાળો આપવા માટે પ્રેરિત કરવાનો છે.આ કાર્યક્રમમાં આશરે ૬૫ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્ય ડો. પી. આર. ચૌહાણના માર્ગદર્શન હેઠળએસ.એસ. આઇ.પી.ના કોર્ડીનેટર અને સહ- કોર્ડીનેટર અનુક્રમે પ્રા. કે. આર. ગોજીયા અને ડો. એન.કે.દિવરાણીયા દ્વારા કરવામાં આવ્યું હતું.